નવસારીમાં ગરમી ઓન: વરસાદે વિરામ લીધો તો લોકો પરસેવે પલળ્યા

નવસારી: નવસારી જિલ્લામાં વરસાદની ગેરહાજરી રહેતા તમામ તાલુકાઓ કોરા રહ્યા હતા. જેથી નવસારીમાં ઉનાળા જેવી સખત ગરમીનો અહેસાસ થયો હતો.

નવસારી જિલ્લામાં નવરાત્રી દરમિયાન વરસાદ પડયો હતો. શહેરમાં વરસાદી પાણી ભરાઈ જાય એટલો વરસાદ પડતો હતો. ખાસ કરીને નવરાત્રિના આરંભે શાંત રહેલો વરસાદ નવરાત્રિના આખરી ત્રણ દિવસમાં ગાજવીજ સાથે વરસ્યો હતો. નવસારી શહેર સહિતના વિસ્તારોમાં ભારે પવન સાથે ગાજવીજ સાથે પડ્યો હતો. જો કે નવરાત્રી બાદ વરસાદે લગભગ વિરામ લીધો છે. અલબત્ત જિલ્લામાં છૂટાછવાયા વરસાદી છાંટા પડી રહ્યા હતા. છેલ્લા ત્રણ દિવસથી જિલ્લામાં છૂટોછવાયો વરસાદ પડતો હતો. ગઈકાલે તો ભરબપોરે તડકામાં જ વરસાદ પડ્યો હતો, જો કે ત્યારબાદ વરસાદે વિરામ લીધો છે. આજે સમગ્ર જિલ્લામાં વરસાદના સંપૂર્ણ વિરામ વચ્ચે ઉનાળા જેવી કાળઝાળ ગરમી તેમજ અસહ્ય ઉકળાટનો અનુભવ લોકોએ કર્યો હતો.

દિવાળી પહેલા દમણમાં મીઠાઈની દુકાનો પર તપાસનો ધમધમાટ

ડેપ્યુટી કલેક્ટર, દમણ નગરપાલિકા અને ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગની ટીમની તપાસમાં 4 દુકાનોને દંડ, 2 દુકાનોને નોટિસ તથા એક્સપોર્ટ કરાતી મીઠાઈની કંપનીમાંથી સેમ્પલ લેવાયા

તપાસનો ધમધમાટ ચાલુ રહેશે

વિભાગ દ્વારા નાની દમણના તીનબત્તી અને દેવકા વિસ્તારમાં આવેલ ખાદ્ય ચીજવસ્તુઓની દુકાન પર તપાસ કાર્ય કરી રહ્યું છે. સાથે આગામી દિવસોમાં દેવકાની હોટલ તથા અન્ય વિસ્તારમાં આવેલ બાર એન્ડ રેસ્ટોરન્ટ પર પણ છાપો પાડી રસોડાની સાફ સફાઈ તથા ખાદ્યચીજ વસ્તુઓની ગુણવત્તાની ચકાસણીનું કાર્ય કરશે. ત્યારે વહીવટીતંત્ર દ્વારા દીવાળી પહેલા આ પ્રમાણેની કાર્યવાહી શરૂ કરતાં પ્રદેશમાં ખાદ્ય ચીજવસ્તુઓનું ઉત્પાદન કરતી દુકાનો, હોટલ અને બાર એન્ડ રેસ્ટોરન્ટના માલિકોમાં ફફડાટ મચી જવા પામ્યો છે.

નાગરિકોના સ્વાસ્થ્ય સાથે કોઈ બાંધછોડ કરવામાં આવશે નહીં

વિભાગે આ વખતે ખાસ મોબાઈલ ફૂડ ટેસ્ટિંગ વાનમાં જ જરૂરી સેમ્પલની ચકાસણીનું કાર્ય કર્યું હતું. જેમાં જે જગ્યાએથી સેમ્પલ લીધા હતા તેમાં કોઈ પણ ભેળસેળ ન થઈ હોવાનું બહાર આવ્યું હતું. ત્યારે વહીવટી તંત્રએ ખાદ્યચીજ વસ્તુનું ઉત્પાદન કરતી દુકાનોના માલિકોને ખાદ્ય ગુણવત્તાને લઈ સખ્ત શબ્દોમાં સૂચના આપી જણાવ્યું છે કે, પ્રદેશના નાગરિકોના સ્વાસ્થ્ય સાથે કોઈ બાંધછોડ કરવામાં આવશે નહીં. દુકાનોમાં કોઈપણ ખાદ્ય ચીજવસ્તુઓ બનાવવામાં આવતી સામગ્રીઓ ગુણવત્તાયુક્ત જ વાપરવાની સલાહ આપી હતી.

દમણ: સંઘપ્રદેશ દમણમાં વહિવટી તંત્ર દ્વારા દિવાળી પહેલા પ્રદેશની વિવિધ મીઠાઈની દુકાન પર છાપો પાડી મીઠાઈ તથા ફરસાણના જરૂરી સેમ્પલ લેવાની કાર્યવાહી કરી છે. જેમાં 4 દુકાનોને દંડ, 2 દુકાનોને નોટિસ તથા વિદેશમાં મોકલવામાં આવતી મીઠાઈની દુકાનમાંથી મીઠાઈના જરૂરી સેમ્પલ લેવાની કાર્યવાહી કરી છે.

દમણ નગરપાલિકા અને ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગે ઓચિંતો છાપો મારી મીઠાઈની ગુણવત્તા, દૂધની બનાવટના માવા તથા ફરસાણ જેવા ખાદ્યચીજોની એક્ષપાયરી ડેટ જેવી વસ્તુની ચકાસણી હાથ ધરી હતી. જેમાં 4 દુકાનોમાં ખાદ્યચીજોની ગુણવત્તા અને સ્વચ્છતાનો અભાવ જોવા મળતા તેમને દંડ ફટકારવામાં આવ્યો હતો. સાથે દુકાન પાસેની ગંદી જગ્યાઓને સીલ મારવાની કાર્યવાહી કરી હતી. વિભાગે નાની દમણના ખારીવાડ સ્થિત આવેલા જામનગરી ફરસાણને રૂ.50 હજારનો દંડ, ધોબી તળાવ સ્થિત આવેલ ક્રિષ્ના સ્વીટને રૂ.30 હજારનો દંડ, ઝાપાબાર સ્થિત આવેલી હવેલી સ્વીટને રૂ.30 હજારનો દંડ તથા જલારામ ખમણ એન્ડ ફરસાણને રૂ.20 હજારનો દંડ ફટકારવામાં આવ્યો હતો. જ્યારે સોમનાથ સ્થિત આવેલી મહાદેવ હોટલ તથા મહાલક્ષ્મી સ્વીટ એન્ડ ફરસાણમાં સ્વચ્છતાનો અભાવ જોવા મળતા વિભાગે તેમને નોટિસ ફટકારવાની કાર્યવાહી કરી હતી. જ્યારે સોમનાથ રોડ પાસે આવેલી જે. કે. સ્વીટ જેઓ મોટાભાગની મીઠાઈઓ વિદેશોમાં એક્સપોર્ટ કરતા હોય એ દુકાનમાંથી વિભાગે જરૂરી સેમ્પલ લેવાની કાર્યવાહી કરી હતી. જો કે,

સાપુતારામાં હોટલની બોગસ વેબસાઈટ બનાવી લાખોની છેતરપિંડીમાં મહિલા ઝડપાઈ

મહિલાની કર્ણાટકના બેલગાવથી અટકાયત, બોગસ વેબસાઈટ થકી પ્રવાસીઓના બુકિંગની ઓનલાઈન રકમ પડાવી હતી

સાપુતારા: સાપુતારાની લેક્વ્યુ હોટલનાં નામથી ગૂગલ પર ફેક વેબસાઈટ બનાવીને પ્રવાસીઓને રૂમ બુકિંગ કરવાના બહાને ઓનલાઈન યુપીઆઈ આઇડી વડે પૈસા ટ્રાન્સફર કરાવીને પ્રવાસીઓ સાથે લાખોની છેતરપિંડી કેસમાં પોલીસે કર્ણાટકના બેલગાવથી મહિલા આરોપીની ધરપકડ કરી હતી.

સાપુતારામાં આવેલી લેક્વ્યુ હોટલના નામ પર ગૂગલ પર બોગસ વેબસાઈટ બનાવવામાં આવી હતી. આ વેબસાઈટ પર ઓનલાઇન બુકિંગ, ઇન્કવાયરી અને ઓનલાઇન પેમેન્ટ માટેની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી રહી હતી. જોકે આ બોગસ વેબસાઈટનાં માધ્યમથી ઓનલાઈન રૂમ બુકિંગ કરાવી પાંચ જેટલા પ્રવાસીઓ પાસેથી ઓનલાઈન યુપીઆઈ મારફતે કુલ 1,34,801/- રૂપિયા ટ્રાન્સફર કરાવી છેતરપિંડી કરવામાં આવી હતી. જેમાં પ્રવાસીઓએ લેક્વ્યુ હોટલમાં રૂમોની ઇન્કવાયરી કરતા અહીં કોઈ રૂમ બુક ન હોવાનું જાણવા મળ્યું હતું. સમગ્ર હકીકતની જાણ હોટલનાં મેનેજર સંજયસિંગ નંદકિશોરસિંગ થતાં સાપુતારા પોલીસ મથકે ફરીયાદ નોંધાવવામાં આવી હતી. જે બાદ સાપુતારા પોલીસ મથકનાં પી.આઈ.આર.એસ.પટેલ સહિત પોલીસની ટીમે આરોપીની શોધખોળ હાથ ધરી હતી. સાપુતારા પોલીસે કર્ણાટકના બેલગાંવ ખાતેથી લક્ષ્મી બાલાકૃષ્ણા હગેદાલ (ઉં.વ.23) નામક મહિલાની અટકાયત કરી હતી. જે બાદ આ મહિલાને સાપુતારા પોલીસની ટીમ દ્વારા કોર્ટમાં રજૂ કરવામાં આવી હતી. ત્યારે કોર્ટ દ્વારા આ મહિલાને બે દિવસના રિમાન્ડ મંજૂર કરવામાં આવ્યા હતા. અને હાલમાં આ મહિલા જ્યુડિશિયલ કસ્ટડીમાં છે. સાપુતારા પોલીસ દ્વારા ગુનામાં સામેલ સાગરીતોની શોધખોળ હાથ ધરવામાં આવી છે.

નવસારીના વિદ્યાર્થીએ વિશ્વની વિવિધ 10 ભાષા શીખી ઈન્ટરનેશનલ બુક ઓફ રેકોર્ડમાં સ્થાન મેળવ્યું

વિદ્યાર્થી માર્શલ આર્ટમાં બ્લેક બેલ્ટ મેળવવા સાથે સ્કેચ બનાવતા અને ગિટાર વગાડતા પણ શીખ્યો

નવસારી: નવસારીમાં રાજમન કપિલભાઈ નકુમ તેમના પરિવાર સાથે રહે છે અને નવસારીની એસજીએમ શિરોયા હાઈસ્કૂલમાં અભ્યાસ કરી રહ્યો છે. રાજમનના પિતા કપિલભાઈ ગુજરાત પોલીસમાં ફરજ બજાવતા હતા. દરમિયાન કપિલભાઈની બદલી નવસારી થતાં તેઓ પરિવાર સાથે નવસારી આવી વસ્યા હતા. ત્યારથી રાજમન પણ નવસારીમાં રહી શાળામાં અભ્યાસ કરે છે.

રાજમન વર્ષ-2015માં ધો.9માં અભ્યાસ કરતો હતો, ત્યારે તેને સોશિયલ મીડિયાના માધ્યમથી વિશ્વની વિવિધ ભાષાઓ શીખવાનો શોખ જાગ્યો હતો. જો કે, વિશ્વની ભાષા શીખે એ પહેલા રાજમન ભારત દેશની કેટલીક ભાષાઓ શીખ્યો હતો, જેમાં રાજમને પહેલા ગુજરાતની માતૃભાષા ગુજરાતી, રાષ્ટ્રભાષા હિન્દી અને પ્રાચીન ભાષા સંસ્કૃત શીખી પાયો મજબૂત કર્યો હતો અને આ તમામ ભાષાઓની પરીક્ષાઓ આપી ઉત્તીર્ણ થયો હતો. ત્યારબાદ રાજમને વિશ્વની વિવિધ ભાષાઓ અંગ્રેજી, ફ્રેંચ, જર્મન, સ્પેનિસ, ઈટાલિયન, પોર્ટુગીઝ અને રશિયન ભાષાઓ શીખવાના પ્રયાસો શરૂ કર્યા હતા. વિશ્વમાં કોરોનાનું લોકડાઉન લાગ્યું હતું. તે સમયે મોબાઈલનો ઉપયોગ કરી સોશિયલ મીડિયાના માધ્યમથી વિશ્વની વિવિધ ભાષાઓ બોલવા, વાચવા અને લખતા શીખ્યો હતો. ત્યારબાદ રાજમને જે-તે દેશની એમ્બેસી મારફતે ભાષાની પરીક્ષા આપી હતી. જે પરીક્ષામાં રાજમન ઉત્તીર્ણ થઈ ડિપ્લોમા પાસ કર્યું હતું.

રાજમન ભાષાઓ શીખવા, સ્કેચ બનાવતા શીખવા અને ગિટાર વગાડવાનું શીખવા સાથે ટેકવોન્ડો માર્શલ આર્ટ પણ શીખ્યો હતો. હાલમાં રાજમન આણંદની જી સેન્ટ કોલેજમાં મેકાટ્રોનિક્સ વિષય પર બી.ટેક કરી રહ્યો છે. ત્યારે માત્ર સાડા ચાર વર્ષના સમયગાળામાં રાજમને મેળવેલી સિદ્ધિઓની નોંધ ઈન્ટરનેશનલ બુક ઓફ રેકોર્ડે લીધી છે. આ સિવાય મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજમનનું સન્માન કરી તેને ગુજ્જુબોયની ઉપમા આપી હતી.

દેવધા ડેમના દરવાજા બંધ કરાતા ડેમ છલકાયો: પંથકની પાણીની સમસ્યા હવે હલ થશે

ગણદેવી તાલુકામાં મોસમનો કુલ 99.48 ઈંચ વરસાદ પડ્યો, ડેમમાં 6.40 મિલિયન ક્યુબિક મીટર પાણીનો સંગ્રહ

બીલીમોરા: ગણદેવીના દેવધા ડેમના દરવાજા એક સપ્તાહ અગાઉ જ બંધ કરવામાં આવ્યા હતા. જેને પગલે ડેમ છલકાયો છે. ડેમ છલકાતા પંથકમાં સર્જાતી પીવાના પાણીની સમસ્યા મહદંશે હલ થવા પામી છે. ડેમ છલકાવાનો નયનરમ્ય નજારો સર્જાયો હતો. આ વર્ષે મૌસમનો કુલ 99.48 ઈંચ (2487 મીમી) વરસાદ પડતાં વિપુલ પાણી સંગ્રહિત બન્યું છે. ડેમમાં 6.40 મિલિયન ક્યુબિક મીટર જેટલા વિશાળ ભંડાર સંગ્રહિત થવા પામ્યું છે.

સમગ્ર ગણદેવી તાલુકાની જીવાદોરી દેવધા ડેમ છે. તાલુકા માટે દેવધા ડેમ એક આશીર્વાદ સમાન છે. વરસાદ બંધ થવા સાથે ડેમનું સંગ્રહિત થયેલું પાણી ઝડપભેર નકામું દરિયામાં વહી જઈ રહ્યું હતું. ચોમાસામાં સાવચેતીના ભાગરૂપે ડેમના તમામ દરવાજા ખોલી દેવામાં આવે છે. જેથી ડેમમાં નવા પાણીનો સંગ્રહ થઈ શકે. ડેમના ઉપર અને નીચે મળી કુલ્લે 40 દરવાજા હાલ બંધ કરાયા હતા. જેથી પાણીનો સંગ્રહ થવાનું શરૂ થયું હતું. સાથે નદીના કેચમેન્ટ વિસ્તારમાં નોંધપાત્ર વરસાદ વરસતા પાણીનો આવરો વધ્યો હતો. ડેમના દરવાજા બંધ થતાં શનિવારે ડેમ છલકાયો હતો અને સોળે કલાએ ખીલી ઊઠ્યો હતો. બીજી બાજુ ડેમના કેચમેન્ટ વિસ્તારમાં વિશાળ જળસંગ્રહથી તાલુકાના ખેતી ઉદ્યોગ સહિત પીવાના પાણીની સમસ્યા હલ થશે. ડેમના કેચમેન્ટ વિસ્તારની વેંગણિયા અને પનિહારી નદીઓ પણ છલકાવા પામી છે. પરીણામે બંધારા પુલ ધોબીઘાટ પણ ફરી સજીવન બન્યા છે. ડેમને પગલે શ્રમજીવીઓ મચ્છી પકડી કમાણી કરી રહ્યા છે. દેવધા ગામે અંબિકા નદી ઉપર વર્ષ 2002 માં 19 કરોડના ખર્ચે દેવધા ડેમ દેવ સરોવર પરિયોજના સાકાર થઈ હતી. 500 મીટર લાંબા અને પાંચ મીટર પહોળા ડેમમાં એક એક મીટરના 40 દરવાજાઓ છે જે પૈકી ડેમના અપસ્ટ્રિમમાં 6.40 મિલિયન ક્યુબિક મીટર જેટલો વિશાળ ભંડાર એકત્ર કરી શકાય છે. વર્તમાન વર્ષે ચોમાસામાં ગણદેવી તાલુકામાં 99.48 ઈંચ (2487 મી.મી.) જેટલો વરસાદ વરસ્યો છે. અને હજી પણ વરસાદ વિદાઈ લેવાનું નામ નથી લેતો.

વાપીના વટાર ગામે કારચાલકે બાઈકને અડફેટે લેતાં એકનું મોત, એક ગંભીર

બંને યુવામિત્રો બાઈક ઉપર કામ માટે નીકળ્યા હતા: અકસ્માત બાદ ચાલક કાર છોડી ફરાર થઈ ગયો

વાપી: વાપીના વટાર ગામમાં બાઈક સવાર બે ઈસમોને કારની ટક્કર લાગી હતી. અકસ્માતમાં બાઈક સવાર બે પૈકી એકનું મોત નીપજ્યું હતું, જ્યારે બીજાને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. અકસ્માત કરનાર કારચાલક વાહન છોડી ભાગી છૂટયો હતો. વાપી ટાઉન પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત અનુસાર, મૂળ ઝારખંડના અને હાલ વાપી નજીકના વટાર ગામમાં શિવ સ્ટોન વર્ક્સ કંપનીમાં 21 વર્ષીય કુંદનકુમાર અરૂણસિંહ રહે છે. તેનો મોટો ભાઈ ચંદનસિંહ (ઉં.23) તથા તેનો મિત્ર ધરમવીર રાજેન્દ્ર યાદવ બંને જણા બાઈક લઈને વટાર રોડ પરથી પસાર થઈ રહ્યા હતા. તે સમયે એક કારચાલકે તેમને અડફેટે લીધા હતાં અને અકસ્માત બાદ ચાલક કાર છોડી ભાગી છૂટયો હતો. અકસ્માતમાં બાઈક સવાર બંનેને ગંભીર ઈજા પહોંચતાં 108 એમ્બ્યુલન્સ દ્વારા ચલા સીએચસી હોસ્પિટલ અને ત્યારબાદ વલસાડ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતાં. જ્યાં ચંદનસિંહનું માથાના ભાગે ગંભીર ઈજાની સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. જ્યારે તેના મિત્રને માથાના ભાગે ગંભીર ઈજા છે અને તે સારવાર હેઠળ છે. બનાવ અંગેની ફરિયાદ કુંદનકુમારે વાપી ટાઉન પોલીસ સ્ટેશનમાં નોંધાવી હતી.

આહવામાં વધુ 4 વીજ ચોરી ઝડપાઈ

વઘઈ વિજિલન્સ ટીમે કુલ રૂ. 34,099ની વીજ ચોરી ઝડપી દંડ ફટકાર્યો

સાપુતારા: દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડની વિભાગીય કચેરી વઘઈની વિજિલન્સ ટીમે બુધવારે ડાંગ જિલ્લા કોંગ્રેસ સમિતિનાં આઈટી સેલનાં પ્રમુખની ધર્મપત્ની સહિત આઠ જેટલા ગ્રાહકોને વીજ ચોરી કરતા ઝડપી પાડ્યા હતા. ત્યારબાદ વઘઇ વિજિલન્સની ટીમ દ્વારા વધુ ચાર જેટલા વીજ ચોરોને ઝડપી પાડ્યા છે.

વઘઈની વિજિલન્સ ટીમ દ્વારા ગુરુવારે ફરી આહવા ખાતે તપાસણી કરવામાં આવી હતી. ત્યારે તળાવ કિનારે આવેલા પાણી પુરવઠાનાં વીજ ટ્રાન્સફોર્મરમાંથી પેટ્રોલ પંપની સામે આવેલા દુકાનોમાં ડાયરેક્ટ વાયર લંબાવી વીજ ચોરી કરતા 4 જેટલા વ્યક્તિઓ રંગે હાથ ઝડપાયા હતા. જેમાં રાજીવભાઈ રમેશભાઈ શર્મા રૂ. 18,266/-, કૌશિકભાઈ રાયસિંગભાઈ પાડવી રૂ. 3232/-, દિપકભાઈ રામાભાઈ ઠાકરે રૂ. 9,368/-, વિનોદભાઈ બળવંતભાઈ ગાયકવાડ રૂ. 3232/- મળી કુલ 34,099 રૂપિયાની વીજચોરી ઝડપી પાડવામાં આવી હતી. અને ચારેયનું ગેરકાયદેસર વીજ જોડાણ કાપી નાખી દંડ ફટકારવામાં આવ્યો છે.

નવસારીના ભૂલા ફળિયા ગામે મહિલાએ ફાંસો ખાઈ આપઘાત કર્યો

નવસારી: ભૂલા ફળિયા ગામે મહિલાએ ગળે ફાંસો ખાઈ આપઘાત કર્યાનો બનાવ નવસારી ગ્રામ્ય પોલીસ મથકે નોંધાયો છે. મળતી માહિતી મુજબ, મહુવાના વેલણપુર ગામે ગોડાઉન ફળીયામાં સુશીલાબેન ધર્મેશભાઈ નાયકા (ઉં.વ. 40) મજૂરી કરી પોતાના ઘરનું ગુજરાન ચલાવતા હતા. સુશીલાબેન નવસારીના ભૂલા ફળિયા ગામે ટાટાનગર ફળીયામાં રહેવા માટે આવ્યા હતા. દરમિયાન ગત 16મીએ સુશીલાબેને ભૂલા ફળિયા ગામે આવેલા ઘરે કોઈ અગમ્ય કારણસર ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. સુશીલાબેનને લટકેલી જોતા પરિવારજનો આઘાતમાં સરી પડ્યા હતા. આ ઘટના અંગે નવસારી ગ્રામ્ય પોલીસ મથકે જાણ કરતા પોલીસે ઘટના સ્થળે પહોંચી લાશનો કબ્જો લઈ પી.એમ. અર્થેની તજવીજ હાથ ધરી હતી. જ્યારે પોલીસે મૃતકના પુત્ર દિવ્યેશભાઈની ફરિયાદને આધારે અકસ્માત મોતનો ગુનો નોંધી આગળની તપાસ પી.એસ.આઈ. એન.એ. પટેલે હાથ ધરી છે.

બીલીમોરામાં ટ્રેન અડફેટે અજાણ્યા યુવાનનું મોત

બીલીમોરા: તા.17 ઓક્ટોબર, 2024 ની રાત્રે 2 વાગ્યે બીલીમોરાના ચિમોડીયા નાકા પાસેની અપલાઈન પરથી પસાર થતી જયપુર-બાંદ્રા એક્સપ્રેસ ટ્રેનની અડફેટે એક 30 વર્ષનો અજાણ્યો યુવાન આવી જતાં માથામાં ગંભીર ઈજાને કારણે તેનું મોત નીપજ્યું હતું. મરનાર યુવાને શરીર ઉપર ગ્રીન કલરની ટી-શર્ટ, સાથે બ્લ્યુ કલરનું જિન્સ પહેરેલું છે. તેના જમણાં હાથે દિલ ત્રોફાવેલ છે. બીલીમોરા રેલવે આઉટ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વાલીવારસો અંગે તપાસ હાથ ધરી છે.

વાપીમાં વીસીના ઝઘડામાં હત્યા કરનારની જામીન અરજી નામંજૂર

20 હજાર આપવાની લાલચ આપી કારમાં લઇ જઈ આધેડની હત્યા કરી હતી

વલસાડ: વાપીમાં વીસીના ઝગડામાં હત્યા કરનારની પોલીસે ધરપકડ કરી હતી. જેને જ્યુડિશ્યલ કસ્ટડીમાં મોકલી અપાયો હતો. ત્યાંથી મુક્ત થવા તેણે વાપીની સ્પેશ્યલ કોર્ટમાં જામીન માટે અરજી કરી હતી. આ અરજીમાં જજ ટી.વી. આહુજાએ ડીજીપી અનિલ ત્રિપાઠીની દલીલ ગ્રાહ્ય રાખી આરોપીની જામીન અરજી નામંજૂર કરતો હુકમ કર્યો હતો.

વાપીમાં રહેતા રાજેશ ઉર્ફે બબલુ મંગલા અરજીન યાદવે વીસીના ઝગડામાં રામબિહારી જીતુ ભારદ્વાજ (ઉં.આ.51)ને રૂ. 20 હજાર આપવાની લાલચે પોતાની બલેનો કારમાં લઇ ગયો હતો અને પછી તેનું ગળું કાપી તેની હત્યા કરી દીધી હતી. ત્યારબાદ તેનો મોબાઇલ પણ નાખી દીધો હતો. આ કેસમાં પોલીસે ફરિયાદ બાદ તપાસ કરી હત્યારા રાજેશ ઉર્ફે બબલુ યાદવને પકડી પાડ્યો હતો. પોલીસે તેની વિરુદ્ધ ગુનો દાખલ કરી તેની ધરપકડ કરી હતી. આ કેસમાં જ્યુડિશ્યલ કસ્ટડી ભોગવી રહેલા રાજેશ ઉર્ફે બબલુએ વાપીની સ્પેશ્યલ કોર્ટમાં કરેલી જામીન અરજી નામંજૂર કરાઇ છે.

बैंक ऑफ इंडिया Bank of India BOI

ઝોનલ ઓફિસ, સુરત ઝોન :બેંક ઓફ ઈન્ડિયા બિલ્ડીંગ, ૧લો માળ, ઘોડદોડ રોડ, પાંજરાપોળ સામે, સુરત-૩૯૫૦૦૧

સરફેસી એક્ટ, ૨૦૦૨ હેઠળ મિલકતોની સ્ટાર મેગા ઈ-હરાજી વેચાણ નોટીસ

ઈ-હરાજીની તા.૧૧.૧૧.૨૦૨૪ સવારે ૧૧ થી સાંજે ૫ સુધી
(ઓટો એક્ષ્ટેન્શન નિયમ પ્રમાણે હરાજી બંધ થવા પહેલા ૧૦ મિનીટના વધારા સાથે)

સિક્યુરીટાઈઝેશન અને રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ ના રૂલ ૮(૬) અને રૂલ ૬(૨) સાથે વંચાણે લઈ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ ૨૦૦૨ હેઠળ જાહેર જનતા અને ખાસ કરીને નીચે દર્શાવેલ દેવાદાર(રો) અને જામીનદાર(રો) ને નોટીસ આપી જણાવવામાં આવે છે કે નીચે દર્શાવેલ મિલકત(તો) કે જે સિક્યોર્ડ ક્રેડીટર્સને ગીરવે/ચાર્જ કરેલ કે જેનો સાંકેતિક/પ્રત્યક્ષ કબજો બેંક ઓફ ઈન્ડિયા, સિક્યોર્ડ ક્રેડીટર્સ દ્વારા મેળવવામાં આવેલ છે. જેનું 'જ્યાં છે, જે કંઈ છે અને જેવું છે તેવું' ના ધોરણે બેંક ઓફ ઈન્ડિયા, સિક્યોર્ડ ક્રેડીટર્સ દ્વારા જે તે દેવાદાર અને જામીનદારોના બાકી રકમ માટે ઈ-હરાજીથી વેચાણ કરવામાં આવશે. અનામત કિંમત અને ઈએમડીની રકમ નીચે મુજબ રહેશે. નીચે સહી કરનાર દ્વારા નીચે જણાવેલ ઈ-હરાજી પ્લેટફોર્મથી વેચાણકરવામાં આવશે.

અ.નં.	શાખાનું નામ / દેવાદાર / જામીનદાર / માલિક / ભાગીદાર / મિલકતના ગીરવેદાર નું નામ	વેચાણ માટેની મિલકતનું વર્ણન	અ) સરફેસી એક્ટ ૨૦૦૨ની કલમ ૧૩(૨)હેઠળ માંગણા નોટીસની તારીખ / બ) બાકી રકમ અને ડીમાન્ડ નોટીસ ની તરીખ / ક) કબજાનો પ્રકાર સાંકેતિક /પ્રત્યક્ષ રચનાત્મક	ન્યુનતમ અનામત કિંમત (રૂા.લાખમાં) / ઈએમડી (રૂા.લાખમાં)	શાખા હેડ નો સંપર્ક નંબર
૧.	પાંડેસરા શાખા શ્રી પ્રદીપ હરિનારાયણ પાંડે	રે.સ.નં.૧૨૧, બ્લોક નં.૧૨૦/૧, શ્રી રાધાપુરમ રેસીડન્સી, બિલ્ડીંગ નં.ઓ, ૪થો માળ, ફલેટ નં.ઓ/૪૦૨, એન્જોય ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ પાસે, સાંઈ દર્શન સોસાયટી સામે, વરેલી રોડ, વરેલી, તા.પલસાણા, જી.સુરત.	અ) ૧૩.૦૫.૨૦૨૨ બ) રૂા.૧૧,૮૩,૨૦૫/- વત્તા વધારાનું વ્યાજ અને કોસ્ટ આકસ્મિક ખર્ચાઓ વિગેરે ક) સાંકેતિક કબજો	રૂા. ૧૦.૨૦ રૂા. ૧.૧૦	મો. નં. ૭૯૯૨૩૫૯૮૨૨
૨.	નવાગામ કેસીઆર શાખા સુમન આર. પાલ, રામસરે કે. પાલ	પ્લોટ નં.૪૭/બી, ૪૮/બી, મહાવીર નગર રેસીડન્સી, કારેલી લેક નજીક, કારેલી-મોતા રોડ, કારેલી, તા.પલસાણા, જી.સુરત-૩૯૪૬૦૧	અ) ૨૨.૧૧.૨૦૨૧ બ) રૂા. ૨૬,૬૯,૧૫૨/- વત્તા વધારાનું વ્યાજ અને કોસ્ટ આકસ્મિક ખર્ચાઓ વિગેરે ક) પ્રત્યક્ષ કબજો	રૂા. ૨૪.૦૦ રૂા. ૨.૪૦	મો.નં. ૮૯૬૯૬૧૯૫૪૫
૩.	આનંદ મહલ રોડ શાખા સીતાદેવી કનૈયા વર્મા (દેવાદાર)	મહાવીર નગર રેસીડન્સી સ્થિત રહેણાંકની મિલકત પ્લોટ નં.૪૨૪/બી, રે.સ.નં.૫૯, ૬૦, ૬૧ અને ૬૨, જૂનો બ્લોક નં.૬૭, કારેલી લેક ની બાજુમાં, મોજે કારેલી, તા.પલસાણા, જી.સુરત-૩૯૪૬૦૨	અ) ૩૦.૦૬.૨૦૨૧ બ) રૂા. ૧૩,૦૮,૨૪૬.૬૬ વત્તા વધારાનું વ્યાજ અને કોસ્ટ આકસ્મિક ખર્ચાઓ વિગેરે ક) સાંકેતિક કબજો	રૂા.૧૧.૬૨ રૂા.૧.૧૬	મો.નં. ૮૩૨૦૮૩૧૭૨૪
૪.	ઉધના શાખા શ્રી હરેન્દ્ર મલૈયા વેમુલા, શ્રી વિક્રમ બલરામ પાત્રા (જામીનદાર)	સ્થાયી મિલકત કે જે ઉમા વિહાર બંગલોઝ નો પ્લોટ નં ૨૫૯ કે જે ડીજીવીસીએલ પાવર ગ્રીડ અને દસ્તાન ફાટક પાસે, દસ્તાન ૩૯૪૩૧૦ તા. પલસાણા જી. સુરત રેવન્યુ સર્વે નં ૨૫ બ્લોક નં ૩૧ ખાતે શ્રી હરેન્દ્ર મલૈયા વેમુલા ના નામે આવેલ છે.	અ) ૨૧.૦૪.૨૦૨૩ બ) રૂા. ૯,૬૮,૨૦૦/- વત્તા વધારાનું વ્યાજ અને કોસ્ટ આકસ્મિક ખર્ચાઓ વિગેરે ક) પ્રત્યક્ષ કબજો	રૂા.૮.૮૮ રૂા.૦.૮૯	મો. નં. ૯૯૧૩૩૩૭૦૩૪
૫.	અંકલેશ્વર ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ શાખા પ્રકાશ ચંદ ગુપ્તા (દેવાદાર)	સ્લોક એવન્યુ સ્થિત રહેણાંકનો ફલેટ નં.જીએફ/૦૨, જેનું માપ ૫૧૬.૫૦ ચો.ફુટ, રે.સ.નં.૨૭૧, ગડખોલ, રાજપીપળા ચોકડી, તા.અંકલેશ્વર, જી.ભરૂચ.	અ) ૦૪.૧૦.૨૦૧૭ બ) રૂા. ૭,૮૧,૫૧૭.૦૦/- વત્તા વધારાનું વ્યાજ અને કોસ્ટ આકસ્મિક ખર્ચાઓ વિગેરે ક) પ્રત્યક્ષ કબજો	રૂા.૭.૫૦ રૂા.૦.૭૫	મો. નં. ૯૭૮૨૯૧૭૭૨૨

હરાજીમાં ભાગ લેતા પહેલા બીડરોએ મિલકત/તોનું સાઈટ પરનું માપ અને રેવન્યુ રેકર્ડ માં પણ માપ ચકાસી લેવાનું રહેશે.

નિયમો અને શરતો : (૧) સદર મિલકતની હરાજી 'જેમ છે તેમ' અને જ્યાં છે ત્યાં' અને ઓનલાઈન કરવામાં આવશે. બીડ કરતા પહેલાં **તા.૧૧.૧૧.૨૦૨૪ ના રોજ સાંજે ૫ સુધી અથવા તે પહેલા કામકાજના દિવસો દરમ્યાન**ઈએમડી એનઈએફટી અથવા ફંડ ટ્રાન્સફરથી હરાજી ની પ્રક્રિયા સુધી જમા કરી શકાશે. (૨) બીડરે વધુ વિગતો, નિયમો અને શરતો ડાઉનલોડ કરવા કૃપા કરી (એ) https://www.bankofindia.co.in ની મુલાકાત લેવી. (બી) અમારી ઈ-હરાજી સેવા આપનારી વેબસાઈટ https://ebkray.in અને https://ebkray.in ની મુલાકાત લઈ શકે છે જ્યાં બીડરો માટે શૈક્ષણિક વિડીઓ ઉપલબ્ધ છે. બીડરો એ નીચેના સ્ટેપ બીડીંગમાં સારી રીતે પૂર્ણ કરવાના રહેશે. સ્ટેપ ૧ : બીડર/ખરીદનાર નોંધણી : ઈ-ઓકશન પ્લેટફોર્મ ઉપર નોંધણી કરનારે (ઉપર આપેલ લીંક) માં મોબાઈલ નંબર અને ઈમેલ આઈડી નો ઉપયોગ કરવાનો રહેશે. સ્ટેપ ૨ : કેવાયસી ખરાઈ : બીડરે જરૂરી દસ્તાવેજો અપલોડ કરવા માટે, કેવાયસી દસ્તાવેજોની ચકાસણી ઈ-હરાજી સેવા આપનાર દ્વારા કરવામાં આવશે. (કાર્યકારી ૨ દિવસ લાગી શકે છે). સ્ટેપ ૩ : બીડર ગ્લોબલ વોલેટ દ્વારા ઈએમડી રકમનું ટ્રાન્સફર, ઈ-હરાજી પ્લેટફોર્મ પર જનરેટ થયેલ ચલણનો ઉપયોગ કરીને એનઈએફટી ઈ-હરાજી પ્લેટફોર્મ ઓનલાઈન / ઓફ લાઈન ફંડનું ટ્રાન્સફર કરી શકાશે. સ્ટેપ ૪ : બીડીંગ પ્રક્રિયા અને હરાજીના પરિણામો : રસ ધરાવનાર રજીસ્ટર્ડ બીડર ઓનલાઈન ઈ-હરાજી પ્લેટફોર્મ પર ૧, ૨ અને ૩ સ્ટેપ પૂર્ણ કર્યા પછી બીડીંગ કરી શકશે. અને બીડર્સને જાણ કરવામાં આવે છે કે ઈએમડી જમા કરવા પહેલા ઈ-હરાજીની તારીખ પહેલા સ્ટેપ ૧, ૨ અને ૩ સંપૂર્ણ રીતે પૂર્ણ કરવા પડશે. (૩) અધિકૃત અધિકારીની મહત્તમ જાણકારી અને માહિતી અનુસાર મિલકત પર અન્ય કોઈ બોજો નથી છતાં બીડરે બીડ કરતા પહેલા મિલકતના ટાઈટલ અને ક્લેઈમ / હક્ક / બાકી / બોજા અંગેની જાણકારી મેળવી લેવી. ઈ-હરાજીની જાહેર ખબર બેંક પ્રત્યેની કોઈપણ પ્રતિબદ્ધતા અથવા કોઈપણ પ્રતિનિધિત્વ દર્શાવતી નથી કે દર્શાવતી હોઈ તેમ સમજી શકાશે નહી. મિલકતની હરાજી બેંક દ્વારા મિલકત ઉપરના હાલના તેમજ ભવિષ્યના જાણીતા કે અજાણ તમામ બોજા સહિત વેચવાની છે. અધિકૃત અધિકારી / સિક્યોર્ડ ક્રેડીટર્સ થર્ડ પાર્ટી ના ક્લેઈમ / રાઈટ્સ / વાંધા માટે જવાબદાર રહેશે નહી. (૪) **નિરીક્ષણ ની તારીખ : ૦૭.૧૧.૨૦૨૪ ના રોજ સવારે ૧૧ થી ૪ વાગ્યા સુધી કરી શકાશે.** તે માટે સંબંધિત શાખાનો સંપર્ક કરવો. (૫) બીડ ફક્ત ઓનલાઈન દ્વારા જ રજૂ કરવી પડશે. (૬) બીડરોએ વેચાણની શરતો વાંચી અને સમજી છે અને તેના માટે બંધાયેલ છે એમ માનવામાં આવશે. (૭) સબમીટ કરવાની બીડ કિંમત અનામત કિંમતથી ઉપર રહેશે અને બીડર્સ તેમની બોલી રૂા.૧૦૦૦૦/- (રૂા.દસ હજાર) ના ગુણાંકમાં કરવાની રહેશે. (૮) બીડ રજૂ કરતા પહેલા બીડરે મિલકતનું નિરીક્ષણ તેમજ મિલકત અંગેની તમામ જાણકારી મેળવી લેવી. (૯) સફળ બીડર્સની ઈએમડી રકમ વેચાણ પ્રક્રિયામાં જમા લેવામાં આવશે અને અસફળ બીડરોની ઈએમડી પરત કરવામાં આવશે. (૧૦) ઈએમડી પર વ્યાજ મળશે નહી અને સફળ થનાર બીડરે અધિકૃત અધિકારી દ્વારા બીડની કિંમત સ્વીકાર્યા બાદ તરત જ વેચાણ કિંમતનાં ૨૫% (ઈએમડી સાથે) જમા કરવાનાં રહેશે અને વેચાણ કિંમતની બાકીની રકમ (૭૫%) વેચાણ નક્કી થયાની તારીખથી ૧૫ દિવસ કે તે પહેલા જમાં કરવાનું રહેશે. સફળ બીડર્સ દ્વારા રકમ જમા કરવામાં કસુર (વિલંબ) થયે બીડરની જમા રકમ જપ્ત થશે અને મિલકત પુન: હરાજીમાં મુકાશે અને કસુરવાર બીડની રકમ બાબતમાં કોઈપણ દાવો / અધિકાર રહેશે નહી. (૧૧) કોઈપણ ઈન્ટરનેટ નેટવર્ક સમસ્યા / પાવર નિષ્ફળતા/ અન્ય કોઈ ટેકનીકલ ખામી નિષ્ફળતા વગેરે માટે અધિકૃત અધિકારી / બેંક કે ઈ-હરાજી સેવા આપનાર ને જવાબદાર ગણવામાં આવશે નહી. આથી આકસ્મિક પરિસ્થિતીને દૂર રાખવા માટે ઈચ્છુક બીડરોને વિનંતી કરવામાં આવે છે કે તેમણે ઈ-હરાજીની પ્રક્રિયામાં ભાગ લેવા માટે સંપૂર્ણ સજ્જ છે તે ચકાસી લેવું. (૧૨) ખરીદનારે લાગુ સ્ટેમ્પ ડયુટી / રજીસ્ટ્રેશન ફી / લાગુ પડતા સરકારી લેણાં જીએસટી અન્ય ચુકવણી અને કોઈપણ કાનુની / બીન કાનુની બાકી કર / આકારણી વેરો વગેરે ભરવો પડશે. (૧૩) અધિકૃત અધિકારી / બેંક ઉચ્ચતમ ઓફર સ્વીકારવા બંધાયેલ નથી અને તે હરાજીની કાર્યવાહી કોઈપણ તબક્કે કોઈપણ કારણ આપ્યા વિના તમામ ઓફરોને સ્વીકારવા કે નકારવા અથવા ઈ-હરાજી મુલતવી રાખવા/રદ કરવા અથવા તેની કોઈપણ મિલકત અથવા ભાગ પાછો ખેંચવા સંપૂર્ણ અધિકાર અને વિવેક ધરાવે છે. (૧૪) વેચાણ પ્રમાણપત્ર ફકત ખરીદનાર / અરજદારના નામે જારી કરવામાં આવશે અને અન્ય કોઈપણ નામે જારી કરવામાં આવશે નહી. (૧૫) વેચાણ સિક્યુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સીયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ ના અમલીકરણ હેઠળ નિયમો / શરતો ને આધિન રહેશે. વેચાણની શરતો પરની કોઈપણ વિગતો / પુછપરછ સંબંધિત શાખાના આપેલ સંપર્ક નંબરો પરથી મેળવી શકાશે. (૧૬) સરફેસી કાયદા મુજબ ઉપરોક્ત ખાતાના કરજદાર / જામીનદાર / ગીરવેદાર ને **૧૫ દિવસ**ની નોટીસ દ્વારા ઉપરોકત તારીખે રાખેલ હરાજીની જાણ કરવામાં આવેલ છે.

તા.૧૮.૧૦.૨૦૨૪ । સ્થળ : સુરત

અધિકૃત અધિકારી, બેંક ઓફ ઈન્ડિયા